ભારતીય રિઝર્વ બેન્ક

મુંબઈ - 400 001

આરબીઆઈ/2017–18/161

એ. પી. (ડીઆઈઆર શ્રેણી) પરિપત્ર નમ્બર 23 એપ્રિલ 12, 2018

બધી અધિકૃત ડીલર બેંક્સ કેટેગરી - 1

નિવાસી વ્યક્તિઓ માટે લિબર લાઈસ્ડ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) - વ્યવહારોની દૈનિક રિપોર્ટિંગ

આપનું ધ્યાન તારીખ એપ્રિલ 05, 2018 ની પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિ નિવેદન 2018–19 ના ભાગ II ના પેરા 10 પરત્વે દોરવામાં આવે છે

2. હાલમાં લિબર લાઈસ્ડ રેમિટન્સ સ્કીમ હેઠળના વ્યવહારોને નાણાં મોકલનાર દ્વારા કરાયેલ નિવેદન પર અધિકૃત ડીલર બેન્કો દ્વારા મંજૂરી આપવામાં આવી રહી છે. માહિતીના વિશ્વસનીય સ્રોતની ગેરહાજરીમાં, મર્યાદાના પાલનનું નિરીક્ષણ સ્વતંત્ર ચકાસણી વિના આવા નિવેદન મેળવવા પૂરતું મર્યાદિત છે.

3. નિયંત્રણમાં સુધારો કરવા અને LRS મર્યાદાને અનુસરવાની ખાતરી કરવા માટે એવું નક્કી કરવામાં આવ્યું છે કે અધિકૃત ડીલર બેંક્સ દ્વારા દરરોજ રિપોર્ટિંગ સિસ્ટમ અમલમાં મુકવી. જેથી LRS હેઠળ વ્યક્તિઓ દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યવહારો અન્ય તમામ અધિકૃત ડીલર જોઈ શકે.

4. તે મુજબ આ પરિપત્ર ઇશ્યૂ કરવાની તારીખથી તમામ અધિકૃત ડીલર બેન્ક કેટેગરી – I તેમના દ્વારા LRS - યોજના હેઠળ દૈનિક લેવડ-વિનિમય માહિતી આગામી કાર્યકારી દિવસના વેપારના અંતે અપલોડ કરવાની રહેશે. જો કોઈ ડેટા રજૂ કરવામાં ન આવે, તો અધિકૃત ડીલર બેંક્સ 'નિલ' રિપોર્ટ અપલોડ કરશે. એડી બેન્કો અત્યાર સુધી ની જેમ URL. https://secweb.rbi.org.in/orfsxbrl/ દ્વારા XBRL સાઇટને ઍક્સેસ કરીને CSV ફાઇલ અલ્પવિરામથી સીમાંકિત) તરીકે LRS ડેટા અપલોડ કરી શકે છે

5. આ પરિપત્રમાં જણાવેલી દિશા નિર્દેશો ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (1999 નું 42) ના વિભાગો 10 (4), 11 (1) અને 11 (2) હેઠળ જારી કરવામાં આવ્યા છે અને તે કોઈપણ અન્ય કાયદા હેઠળ આવશ્યક પરવાનગીઓ / મંજૂરીઓ, જો કોઈ હોય તો, પૂર્વગ્રહ વગર છે.

તમારો વિશ્વાસુ

આર કે મૂલચંદાની

ચીફ જનરલ મેનેજર